પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૮૯, કુલ પાના:૪, તારીખ: ૩૧-૦૭-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 289 PRICE :-RS. 1.50 DATE : 31-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

છેલ્લા ૨૪ કલાકમાં ૪૪ હજારથી વધુ પોઝિટિવ કેસ, ૫૫૫ના મોત

નિયંત્રણોમાં છૂટછાટ ભારે પડી: દેશમાં ઍક્ટિવ કેસ ૪ લાખને પાર

કર્ણાટક, તમિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં કોરોનાના વધતા કેસે ચિંતા વધારી,

કેરળમાં સતત ત્રીજા દિવસે ૨૨ હજારથી વધારે પોઝિટિવ કેસ

દેશમાં કુલ વેક્સિનેશનનો આંકડો ૪૫,૬૦,૩૩,૭૫૪ પર પહોંચ્યો

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના નવા કેસની સંખ્યામાં પાછલા કેટલાક દિવસોથી નવા કેસમાં વધારો થઈ રહ્યો છે. કોરોનાના નવા કેસની સંખ્યામાં વધારો થવાની સાથે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઘટતા એક્ટિવ કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. જે એક્ટિવ કેસ ૩ લાખની અંદર આવી ગયા હતા તે ફરી ૪ લાખને પાર કરી ગયા છે. આ સાથે પાછલા કેટલાક દિવસથી નવા કેસની સંખ્યા ૪૦ હજારને પણ પાર જઈ રહી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૪,૨૩૦ કેસ નોંધાયા છે, જ્યારે મૃત્યુઆંક ફરી ૬૦૦ની અંદર આવી ગયો છે. દેશમાં વધુ ૪૨,૩૬૦ દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૭,૪૩,૯૭૨ પર પહોંચી ગઈ છે, જ્યારે કુલ સંક્રમણનો આંકડો ૩,૧૫,૭૨,૩૪૪ પર પહોંચ્યો છે. વધુ ૫૫૫ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૨૩,૨૧૭ થઈ ગયો છે.

કોરોના વાયરસના સાજા થયેલા દર્દીઓની સરખામણીમાં નવા કેસની સંખ્યામાં વધારો થતા એક્ટિવ કેસ ફરી ૪ લાખનો આંકડો પાર કરીને ૪,૦૫,૧૫૫ પર પહોંચ્યો છે. દેશમાં ૧૬ જાન્યુઆરીએ શરુ કરાયેલા રસી અભિયાન પછી ગઈકાલ સુધીમાં કુલ વેક્સીનેશનનો આંકડો ૪૫,૬૦,૩૩,૭૫૪ પર પહોંચ્યો છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૯ જુલાઈ સુધીમાં કુલ ૪૬,૪૬,૫૦,૭૨૩ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે વધુ ૧૮,૧૬,૨૭૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ગઈકાલે કર્ણાટકમાં (૨,૦૫૨)માં ૧૯ દિવસ બાદ રોજના સંક્રમિતો આંકડો બે હજારની પાર પહોંચ્યો. આ પહેલા અહીં ૧૦ જુલાઈના ૨,૧૬૨ નવા કેસ આવ્યા હતા. તમિલનાડુમાં પણ છેલ્લા એક અઠવાડિયામાં સૌથી વધારે ૧,૮૫૯ કેસ સામે આવ્યા. આ પહેલા ૨૨ જુલાઈના અહીં ૧,૮૭૨ કેસ સામે આવ્યા હતા. મહારાષ્ટ્રની વાત કરીએ તો છેલ્લા એક દિવસમાં કોરોના સંક્રમણના ૭,૨૪૨ નવા કેસ સામે આવ્યા અને ૧૯૦ દર્દીઓના મોત થયા. રાજ્યમાં અત્યારે ૭૮,૫૬૨ દર્દીઓનો ઉપચાર ચાલી રહ્યો છે.

કોરોનાના કારણે અત્યારે દેશના ૮ રાજ્યોમાં પૂર્ણ લોકડાઉન જેવા પ્રતિબંધો છે. આમાં પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, તમિલનાડુ, મિઝોરમ, ગોવા અને પોન્ડિચેરી સામેલ છે. અહીં ગત લોકડાઉન જેવા સખ્ત પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. તો ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંશિક લોકડાઉન છે.

રાજસ્થાનના ૩૩ જિલ્લામાંથી ૨૭ એવા જિલ્લા છે જ્યા કોરોનાનો એક પણ નવો કેસ સામે આવ્યો નથી અને ના તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાથી કોઈ મોત થયુ છે. બીજી તરફ રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૫૯ થઈ ગઈ છે. રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ અનુસાર ગુરૂવારે અહી માત્ર ૧૭ નવા કેસ દર્જ થયા હતા. રાજસ્થાનમાં કોરોનાથી અત્યાર સુધી ૮૯૫૩ લોકોના મોત થયા છે.

બીએસએફએ ફાયરિંગ કરી પરત ખદેડ્યા

જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાનની અવળચંડાઈ: એક જ કલાકમાં ૩ જગ્યાએ દેખાયા ડ્રોન

જમ્મૂ,

જમ્મુ કાશ્મીરમાં ફરી એક વખત શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા છે. જાણવા મળ્યા મુજબ જમ્મુ ક્ષેત્રમાં ગુરૂવારે ૩ અલગ અલગ વિસ્તારોમાં શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા હતા. આ ડ્રોન રાતે ૮:૩૦થી ૯:૩૦ કલાક વચ્ચે જોવા મળ્યા હતા. તે પૈકીના ૨ ડ્રોન આર્મી કેમ્પ અને આઈટીબીપી કેમ્પ પાસે જોવા મળ્યા હતા. સુરક્ષા દળોએ તેમના પર ગોળીબાર કર્યો હતો પરંતુ ત્રણેય ડ્રોન બચીને નીકળી ગયા હતા. જાણવા મળ્યા મુજબ એક ડ્રોન સાંબામાં આંતરરાષ્ટ્રીય સરહદ પાસે જોવા મળ્યું હતું. બીજું સાંબા જિલ્લામાં જ ઘગવાલ પાસે ઉપસ્થિત આઈટીબીપીના કેમ્પ પાસે અને ત્રીજું સાંબા જિલ્લાના બારી ક્ષેત્રના આર્મી કેમ્પ પાસે જોવા મળ્યું હતું. બીએસએફ દ્વારા શંકાસ્પદ ડ્રોન પર આંતરરાષ્ટ્રીય સરહદ ખાતે કેટલીક ગોળીઓ ચલાવવામાં આવી હતી પરંતુ તે બચીને નીકળી ગયા હતા અને પછી ગાયબ થઈ ગયા હતા. અગાઉ ૨૩ જુલાઈના રોજ જમ્મુ કાશ્મીર પોલીસે જમ્મુ જિલ્લાની સરહદને અડીને આવેલા વિસ્તારમાંથી ૫ કિગ્રા વજનની વિસ્ફોટક સામગ્રી (આઈઈડી) લઈને જઈ રહેલા ડ્રોનને નીચે પાડી દીધું હતું. ડ્રોનમાં લગભગ તૈયાર અવસ્થામાં ૫ કિગ્રા આઈઈડી

સામગ્રી હતી જેમાં વિસ્ફોટ પહેલા ફક્ત તારને જોડવાના જ બાકી હતા. તે ૬ પૈડાવાળું હેક્ઝા-એમ-કોપ્ટર ડ્રોન હતું. તેમાં જીપીએસ અને ઉડાનને નિયંત્રિત કરનારૂં ઉપકરણ પણ લાગેલું હતું. પોલીસના કહેવા પ્રમાણે તેમણે સંભવિત આઈઈડી વિસ્ફોટ અટકાવ્યો હતો. ડ્રોનમાંથી જે આઈઈડી નીચે પાડવાના હતા તેના તાર જમ્મુ વાયુસેના સ્ટેશનના વિમાની મથક ખાતેથી મળી આવેલી વિસ્ફોટક સામગ્રી સાથે મેળ ખાઈ રહ્યા હતા. તેનાથી પૃષ્ટિ થાય છે કે, જમ્મુ એરબેઝ પર આઈઈડી ફેંકવા ડ્રોનનો ઉપયોગ થયો હતો. એર બેઝ પર ગત મહિનાના અંતે ૨ બ્લાસ્ટ થયા હતા.

CBSE ધો.૧૨ બોર્ડનું પરિણામ જાહેર, ૯૯.૩૭ ટકા વિદ્યાર્થીઓ પાસ

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનનું ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાઓનું પરિણામ જાહેર થઈ ગયું છે. ધોરણ-૧૨ના ૯૯.૩૭% વિદ્યાર્થીઓ પાસ થયા છે. ઝમ્જીઈ ધોરણ-૧૨ બોર્ડમાં ૯૯.૧૩% વિદ્યાર્થી અને ૯૯.૬૭% વિદ્યાર્થિનીઓ પાસ થયા છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે આ રિઝલ્ટ જાહેર કરવા માટે ૩૧ જુલાઈ સુધીની ડેડલાઈન આપી હતી. વિદ્યાર્થીઓ પોતાનું રિઝલ્ટ cbseresults.nic.in પર ચેક કરી શકે છે. આ વર્ષે ૧૨ ધોરણ બોર્ડનું પરિણામ ૩૦:૩૦:૪૦ના ફોર્મ્યુલાથી તૈયાર કરવામાં આવ્યું છે.આ અત્યાર સુધીની હાઈએસ્ટ ટકાવારી છે. તો ૬૧૪૯ (૦.૪૭) વિદ્યાર્થીઓને કંપાર્ટમેન્ટ કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. પરીક્ષામાં એકવાર ફરી વિદ્યાર્થિનીઓએ બાજી મારતા છોકરાઓને પાછળ છોડ્યા છે. આ વખતે છોકરીઓ છોકરાઓથી ૦.૫૪ ટકાથી આગળ રહી. છોકરીઓની ટકાવીર ૯૯.૬૭ જ્યારે છોકરાઓની ટકાવીર ૯૯.૧૩ રહી. ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. ગત વર્ષે ૧૩ જુલાઈના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ આ વર્ષે કોરોનાના કારણે રિઝલ્ટ ૧૭ દિવસ મોડા જાહેર કરવામાં આવ્યા**CBSE**એ બનાવેલી પેનલે ૧૨માના વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ૩૦:૩૦:૪૦નો ફોર્મ્યુલા નક્કી કર્યો છે. આ હેઠળ ૧૦માં-૧૧માંના ફાઈનલ રિઝલ્ટને ૩૦ ટકા વેઈટેજ આપવામાં આવશે અને ૧૨માંની પ્રી-બોર્ડ એક્ઝામને ૪૦% વેઈટેજ આપવામાં આવશે. **CBSE**એ ૪ જૂનના ૧૨માંના વિદ્યાર્થીઓની માર્કિંગ સ્કીમ નક્કી કરવા માટે ૧૩ સભ્યોની એક કમિટી બનાવી હતીમાર્કિંગ સ્કીમ પ્રમાણે ૧૦માં અને ૧૧માંના પમાંથી જે ૩ વિષયમાં વિદ્યાર્થીઓએ સૌથી વધારે સ્કોર કર્યો હોય તેને રિઝલ્ટ માટે પસંદ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે **CBSE** ૧૨માંની પરીક્ષા માટે ૧૪.૫ લાખ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જો કે કોરોના મહામારીના કારણે આ વર્ષે સીબીએસઈની ૧૦માં અને ૧૨માંની પરીક્ષાઓ રદ્દ કરી દેવામાં આવી હતી.

રૂપાણી સરકારનો મોટો નિર્ણય : ૯.૬૧ લાખ કર્મચારી-પેન્શનરોને ૩ મહિનાના મોંઘવારી ભથ્થાનું એરિયર્સ ચૂકવાશે

ગાંધીનગર,

ગુજરાત સરકારે સરકારી પેન્શનરો-કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. રાજ્ય સરકારના ૯ લાખ ૬૧ હજારથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને ઓક્ટોબર-૨૦૧૯થી ડિસેમ્બર-૨૦૧૯ સુધીના ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની ચુકવણી બાકી હતી. તે એરિયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચૂકવવાનો નિર્ણય કર્યો છે.આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે,

રાજ્ય સરકારના ૯ લાખ ૬૧ હજારથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને ૧ જુલાઈ ૨૦૧૯થી ૫ ટકા મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. આ મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦થી દર માસે પગાર સાથે ચૂકવવામાં આવી રહેલ છે.

૧ જુલાઈ ૨૦૧૯ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી એમ કુલ-૬ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રાજ્યના કર્મચારીઓ તથા પેન્શનરોને ચૂકવવાનો નિર્ણય કર્યો હતો. તે પૈકી જૂલાઈ-૨૦૧૯થી સપ્ટેમ્બર-૨૦૧૯ના રકમની ચૂકવણી કરવામાં આવી હતી અને બાકી રહેતા ઓક્ટોબર-૨૦૧૯ થી ડિસેમ્બર-૨૦૧૯ સુધીના ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની ચૂકવણી બાકી હતી. તે એરિયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચૂકવવાનો નિર્ણય કર્યો છે.નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, મુખ્યમંત્રી વિજયઇ રૂપાણી સાથે પરામર્શ કર્યા બાદ અધિકારી/કર્મચારીઓ/પેન્શનરો રાજ્ય સરકાર દ્વારા આ બાકી મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમાં પગારપંચનો લાભ મેળવતાં રાજ્ય સરકારના તથા પંચાયતના અધિકારીઓ / કર્મચારીઓ / પેન્શનરોને ઓક્ટોબર-૨૦૧૯ થી ડિસેમ્બર-૨૦૧૯ સુધી એમ ત્રણ મહિનાના મોંઘવારી ભથ્થાના આ એરીયર્સની રકમ ઓગસ્ટ માસના પગારની સાથે ચૂકવાશે.આ ચૂકવણાના કારણે રાજ્ય સરકારને અંદાજે કુલ-૪૬૪ કરોડનું વધારાનું ભારણ થશે. રાજ્ય સરકારના કુલ-૫,૧૧,૧૨૯ જેટલા કર્મચારીઓ તથા ૪,૫૦,૫૦૯ જેટલા પેન્શનરોને આનો લાભ મળશે.

મોંઘવારીનુ કારણ મોદી સરકારની અંધાધૂધ ટેક્સ વસુલાત: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

દેશમાં વધી રહેલી મોંઘવારી પર રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને આડે હાથ લીધી છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને વાયનાડના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, દરેક વસ્તુ મોંઘી થઈ રહી છે અને લોકો પરેશાન છે પણ તેનો ફાયદો નાના ઉત્પાદકો, દુકાનદાર અને ખેડૂતોને નથી થઈ રહ્યો. મોંઘવારી પાછળનુ કારણ મોદી સરકાર દ્વારા અંધાધૂધ રીતે થઈ રહેલી ટેક્સ વસુલી

છે.આ પહેલા ગુરુવારે પણ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, સરકાર સંસદનો સમય વેડફી રહી છે. સંસદમાં કાર્યવાહી દરમિયાન વિપક્ષને બોલવાનો મોકો અપાઈ રહ્યો નથી. સંસદ લોકતંત્રનો પાયો છે અને વિપક્ષ લોકોનો અવાજ સંસદમાં પહોંચાડે છે પણ મોદી સરકાર વિપક્ષને તેનુ કામ કરવા દેતી નથી. સંસદનો સમય બગાડવાની જગ્યાએ સરકારે વિપક્ષને મોંઘવારી, ખેડૂતો અને પેગાસસ મુદ્દે બોલવાની તક આપવી જોઈએ.

મોંઘવારી અને પેટ્રોલ ડિઝલના ભાવ વધારાના મુદ્દે કોંગ્રેસ આખા દેશમાં પ્રદર્શન કરી રહી છે. મોંઘવારીના કારણે કોરોનાથી પરેશાન લોકો વધારે હેરાન થઈ રહ્યા છે તેવુ કોંગ્રેસનુ કહેવુ છે.

રાજ્યના બધા જ નાગરિકોને વેક્સિન આપી કોરોના સામે સંપૂર્ણ સુરક્ષિત કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ

આ રવિવારે વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવશે

વિશેષ અભિયાન :
તા.૧-૮-૨૦૨૧ને રવિવારે સમગ્ર રાજ્યમાં જે નાગરિકોએ વેક્સિનનો બીજો ડોઝ લેવાનો છે માત્ર તેમને જ બીજો ડોઝ આપવામાં આવશે

બીજો ડોઝ કોણ લઈ શકશે ?

- આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ કોવિશિલ્ડ વેક્સિનના **પ્રથમ ડોઝના ૮૪ દિવસ પછી બીજો ડોઝ** અને કોવેક્સિનના **પ્રથમ ડોઝના ૨૮ દિવસ પછી બીજો ડોઝ લઈ શકાય**
- પહેલા ડોઝ પછી કોઈ વ્યક્તિ કોવિડ પોઝિટિવ થયા હોય તો સાજા થયાના **ત્રણ મહિના પછી બીજો ડોઝ લઈ શકાય**

ખાસ સૂચના

- તા.૧-૮-૨૦૨૧ ને રવિવારે રાજ્યમાં રસીકરણનો **પ્રથમ ડોઝ ઉપલબ્ધ નહી થાય**
- **આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકા મુજબના** પૂરતા દિવસો થયા હોય **એવી વ્યક્તિઓને જ બીજો ડોઝ આપવામાં આવશે**

કોવિશિલ્ડ અને કોવેક્સિન મેળવવાના સ્થળ અલગ અલગ રહેશે અને તે પ્રમાણે તે જ સ્થળ પર વેક્સિન લેવાની રહેશે

રસીકરણમાં ગુજરાત અગ્રેસર

- **૨,૪૮,૭૦,૦૦૬ વ્યક્તિઓએ** પ્રથમ ડોઝ લીધેલ છે
- **૭૭,૬૧,૭૫૬ વ્યક્તિઓએ** વેક્સિનના બન્ને ડોઝ લીધેલ છે

તા.૧લી ઓગસ્ટને રવિવારે રાજ્યના તમામ જિલ્લાઓ-મહાનગરોમાં વેક્સિનનો બીજો ડોઝ લઈએ અને કોરોના સામે વધુ સુરક્ષા મેળવીએ.

- શ્રી નીતિનભાઈ પટેલ,
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

જાણીતા વોટર કલર આર્ટિસ્ટ બિપિન પટેલે રોજ એક વોટર કલર પેઇન્ટિંગ બનાવતાં ૧૯૦૧ ચિત્ર પૂર્ણ કર્યા

સંતરામપુર,

રોજ એક વોટર કલર પેઇન્ટિંગ બનાવનાર કલાસાધક મહીસાગર જિલ્લાના યુવા ચિત્રકાર બિપિન પટેલએ આજે સતત ૧૯૦૧ મું પેઇન્ટિંગ પૂર્ણ કરતાં કુદરતી સંપદાથી ભરપૂર જિલ્લા નયનરમ્ય સ્થળ સાતકુંડાના એક કુદરતી કુંડનો નજારો પોતાની ચિત્રકારી થી દર્શાવ્યો છે. વૈશ્વિક મહામારી કોરોનાના સમયમાં જનજાગૃતિ દર્શાવતા અનેક વોટર કલર પેઇન્ટિંગ બનાવી ચૂક્યા છે. સતત ૧૯૦૧ દિવસથી અવિરત રોજ એક વોટર કલર પેઇન્ટિંગ બનાવી અનોખી કલાસાધના જીવનમાં આત્મસાત કરનાર આર્ટીસ્ટ બીપીન પટેલે વિશ્વસ્તરે અને રાષ્ટ્રીયસ્તરે પણ નામના મેળવી છે. આર્ટિસ્ટ બિપિન પટેલએ તેમની કલાયાત્રામાં અનેક કીર્તિમાન સ્થાપ્યા છે. દર ૧૦૦ ચિત્રને વિશેષ રીતે યાદગાર બનાવવાનો સિલસિલો જાળવી રાખ્યો છે.મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના છાંયણ જેવા નાના ગામમાંથી આવતા ચિત્રકાર બિપિન પટેલે વોટર કલરથી ઐતિહાસિક સ્થળો, ગ્રામ્ય જીવન, ધબકતું શહેર,જનજાગૃતિ સંદેશ આપતાં અસંખ્ય ચિત્રોનું સર્જન કર્યું છે. નારગોલથી ડિપ્લોમા ફાઈન અને બરોડા યુનિવર્સિટીમાંથી ફાઈન આર્ટ માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરેલો છે. આ પહેલા તેમનો એક અનોખો કીર્તિમાન છે, તેઓના સતત રોજ એક વોટર કલર પેઇન્ટિંગના ૧૦૦૦ દિવસ અને ૧૫૦૦ દિવસ પૂર્ણ થયા ત્યારે પણ ઇન્ડીયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું યુનેસ્કો દ્વારા આયોજિત હેરિટેજ રાણકી વાવ પાટણ ખાતે દર વર્ષે યોજાતી લાઈવ પેઇન્ટિંગ સ્પર્ધામાં સળંગ ચાર એવોર્ડ મેળવેલ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું જન્મસ્થાન વડનગર ઉપર બનાવેલ વોટરકલર પેઇન્ટિંગે દિલ્હી ખાતે પ્રધાનમંત્રીની ઓફિસમાં શોભા વધારી છે. એ ઉપરાંત ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા બેસ્ટ લેન્ડસ્કેપ અને ગુજરાત યાત્રાધામ વિકાસબોર્ડ દ્વારા આયોજિત સોમનાથ કલાયજ્ઞ ૨૦૧૭ ભારતભરથી આવેલ ચિત્રકારો વચ્ચે બિપિન પટેલને વિશેષ સન્માન એવોર્ડ મળ્યો હતો.અત્યાર સુધીમાં તેમના દેશભરમાં વોટરકલર આર્ટ કેમ્પ યોજાયા છે. ગુજરાત સહીત ઉદયપુર, જયપુર, ઇન્દોર, આગ્રા, કોલકાત્તા, બેંગ્લોર, મુંબઈ, ઉત્તરાંચલમાં વર્કશોપ દરમિયાન અનેક કાળાજીજ્ઞાસુઓએ વર્કશોપમાં વોટર કલર પેઇન્ટિંગ ની પ્રાથમિક જાણકારી સહીત અન્ય ટેકનીક શીખીને સંતોષ મેળવ્યો છે. છેલ્લા એક વર્ષ ઉપરાંતથી વૈશ્વિક મહામારી કોરોનાના સમયગાળામાં કલાપ્રેમીઓને ચિત્રકલાના ઓનલાઈન કલાસ ચલાવી શીખવી રહ્યા છે.

૧લી ઓગસ્ટ ના રોજ મહીસાગર જિલ્લારમાં માત્ર બીજા ડોઝ માટે ખાસ વેકસિનેશન કેમ્પનનું આયોજન

લુણાવાડા,

કોરોના સામેની લડાઈમાં રક્ષિત થવા માટે વેકસિન એ જ એક માત્ર અમોઘ શસ્ત્રભ પુરવાર થઈ રહ્યું છે. ત્યા રે રાજય સરકાર દ્વારા વેકસિનેશનને ખાસ પ્રાધાન્ય આપી સમયબધ્ધસ આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે આગામી તા. ૦૧/૦૮/૨૦૨૧ને રવિવારના રોજ સમગ્ર જે નાગરિકોએ અગાઉ પહેલો ડોઝ લીધો છે અને હવે બીજો ડોઝ લેવાનો છે તેવા તમામ નાગરિકો માટે ખાસ વેકસિનેશન કેમ્પરનું આયોજન કરવામાં આવ્યુંન છે.

તદ્અનુસાર મહીસાગર જિલ્લામાં પણ જિલ્લો કલેક્ટર ડો. મનિષ કુમાર અને જિલ્લો વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ તા. ૦૧/૦૮/૨૦૨૧ના રોજ ખાસ આ બીજા ડોઝ માટે વેકસિનેશન કેમ્પસનું આયોજન કરવામાં આવ્યું છે તેનો જિલ્લાવના જે નાગરિકોને બીજો ડોઝ લેવાનો છે તેવા તમામ નાગરિકોને આ ખાસ વેકસિનેશન કેમ્પયનો લાભ લઈ બીજો ડોઝ મૂકાવી દેવા પણ જિલ્લાન કલેક્ટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી દ્વારા અપીલ કરવામાં આવી છે. મહીસાગર જિલ્લા માં કરવામાં આવેલ આયોજન અંગેની વિગતો આપતાં મુખ્યક જિલ્લા. આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહએ જણાવ્યું કે, જિલ્લા ના તમામ તાલુકાઓમાં આવેલ પી.એચ.સી./ સી.એચ.સી. સહિત નગરપાલિકાઓના અર્બન હેલ્થન સેન્ટ્રો ખાતે આ ખાસ વેકસિનેશન કેમ્પ યોજવામાં આવનાર છે.

તેમણે વધુમાં આ દિવસે માત્ર બીજો ડોઝ જ આપવામાં આવનાર હોઇ જે નાગરિકોને પ્રથમ ડોઝ લેવાનો છે તેઓને આ દિવસે પ્રથમ ડોઝ લેનાર લાભાર્થીઓનું રસીકરણ કરવામાં આવનાર નથી તેમ જણાવી રાજય સરકાર લાભાર્થીઓને કોવિડ-૧૯ વેકસિનના બંને ડોઝ આપી વધુ સુરક્ષિત કરવા પ્રતિબધ્ધી હોવાનું કહ્યું હતું.

સંતરામપુર કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું

સંતરામપુર,

૨૯/૭/૨૦૨૧ ને ગુરૂવારે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન વિભાગના કેબિનેટ મંત્રી મા. ગણપતસિંહ વસાવા અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સંતરામપુરના ધારાસભ્ય પ્રા. ડો. કુબેરભાઇ ડીંડોરની ઉપસ્થિતિમાં આદિવાસી આટર્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સફળ સંમેલન યોજાયું. પ્રિન્સિપાલ ડો. અભય પરમારના આવકાર પછી ડો. શંકર પ્રજાપતિ, ડો.ઈશાક પટેલ, અર્પિત દરજી, જયંતિ પરમાર, તથા આદિવાસી સંસ્થાઓને હંમેશા મદદરૂપ થવાનો દિલાસો આપતાં કેબિનેટ મંત્રી, ધારાસભ્ય, તેમજ ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજને મદદરૂપ થવા અંગે સૂચનો કર્યા હતા.કમિટીના ચેરમેન અને અધિવેશનના સંચાલક પ્રા. એન.ડી. પંડ્યાએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આભારવિધિ ડો. માલિની ગૌતમે કરી હતી.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨ તા. ૩૧-૦૭-૨૦૨૧, શનિવાર, અષાઢ વદ-૮, સૂર્યોદય-૫-૪૧, સૂર્યાસ્ત-૭-૧૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મેષ (અ.લ.ઇ.), નક્ષત્રઃ અશ્વિની

- શુભ ચોઘડીયા -

૧૨-૨૭ થી અભિજીત ૧૩-૧૯ સુધી ૭-૫૮ થી શુભ-૯-૩૬ સુધી ૧૨-૫૩ થી ચલ-લાભ-અમૃત ૧૭-૪૮ સુધી, ૧૯-૨૭ થી લાભ-૨૦-૪૮ સુધી, ૨૨-૧૦ થી શુભ-અમૃત શુભ ૨૪-૫૩ સુધી

- શુભ હોરા-

૭-૨૫ થી ૮-૩૧ સુધી, ૧૦-૪૨ થી ૧૩-૫૯ સુધી, ૧૫-૦૪થી ૧૬-૧૦ સુધી ૧૮-૨૧ થી ૨૧-૧૬ સુધી

હિમાચલમાં ભારે વરસાદ બાદ અનેક જગ્યાએ ભૂસ્ખલનઃ રસ્તાઓ બ્લોક, પ્રવાસીઓ ફસાયા

શિમલા,

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને તેના કારણે ભારે તબાહી મચી છે. ભયંકર વરસાદના કારણે ઠેર-ઠેર ભૂસ્ખલનની ઘટનાઓ બની રહી છે. અનેક રસ્તાઓ ભૂસ્ખલનના કારણે બંધ થઈ ગયા છે. આવામાં એક વિડીયો સામે આવ્યો છે. સિરમોર જિલ્લાના કામરાઉમાં ભૂસ્ખલનના કારણે નેશનલ હાઈવે નંબર ૭૦૭ બ્લોક થઈ ગયો છે. ભૂસ્ખલનની આ ઘટના વિડીયોમાં જોઈ શકાય છે. તો મંડી જિલ્લામાં પાર્કિંગમાં ઉભેલી કારો પર આખી છત પડવાથી ગાડીઓને ભારે નુકસાન થયું છે.

જાણકારી પ્રમાણે સિરમૌર જિલ્લામાં ૭૦૭ પાવટા સાહિબથી રોહડૂ જનારા રાષ્ટ્રીય ઉચ્ચ માર્ગ બડવાસની પાસે લગભગ ૫૦થી ૧૦૦ મીટર ભેખડ ધસી પડવાથી રોડ બ્લોક થઈ ગયો છે. આ ઉપરાંત હિમાચલમાં વાદળ ફાટવાથી ૧૪૪ પ્રવાસીઓ અટવાયા હતા. પ્રવાસીઓ હિમાચલના લાહૌલ-સ્પીતિમાં ફસાય છે. તો જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં પણ વાદળ ફાટ્યું છે. બીજી તરફ હરિયાણાના હથિની કુંડ બેરેજથી સતત પાણી છોડ્યા બાદ દિલ્હીમાં યમુના નદી એકવાર ફરી જોખમી સ્તરે છે.

યમુનાનું જળસ્તર સતત વધી રહ્યું છે. આઈટીઓ પર યમુનાનું પાણી ભયંકર રીતે પસાર થઈ રહ્યું છે. આગામી કેટલાક કલાક જો આ રીતે જળસ્તર વધતુ રહ્યું તો ડીએનડીની આસપાસ નોઈડાના નીચેના વિસ્તારો અને ઓખલાના કેટલાક વિસ્તારો જળમગ્ન થઈ શકે છે. સવારે ૧૧ વાગ્યે યમુના નદીમાં જળસ્તર ૨૦૫.૩૪ મીટર રેકોર્ડ થયું હતું, જયારે ખતરાનું નિશાન ૨૦૫.૩૩ મીટર છે. હવામાન વિભાગે યમુનાથી અડીને આવેલા વિસ્તારોમાં ઑરેન્જ્ એલર્ટ જાહેર કરી દીધું છે.જો સ્થિતિ વધારે ગંભીર બનશે તો યમુનાની આસપાસના વિસ્તારોને ખાલી કરાવવામાં આવશે. હથિની કુંજ બેરાજથી બુધવારના યમુના નદીમાં ૧.૬ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. ગુરૂવારના પણ ૧.૧૪ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ હતું.

ગુજરાતનાં ૧૯.૫૩ લાખ લોકો દારૂના વ્યસની, લોકડાઉન બાદ પીનારાની સંખ્યા વધી

અમદાવાદ,

આ ડ્રાય સ્ટેટ માટે વ્યંગ્યાત્મક છે કે, પરંતુ રાજ્યસભામાં હાલમાં રજૂ કરાયેલા ડેટા દર્શાવે છે કે, ગુજરાતની લગભગ ૪.૩ ટકા વસ્તી એટલે કે આશરે ૧૯.૫૩ લાખ લોકો દારૂના વ્યસની છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણના મંત્રી નારાયણસ્વામી દ્વારા રજૂ કરવામાં આવેલા ડેટામાં એઇમ્સ દ્વારા નેશનલ ડ્રગ યૂઝ સર્વે ૨૦૧૯ દરમિયાન એકત્રિત કરેલા આંકડા ટાંકવામાં આવ્યા છે.

ડેટા મુજબ, ગુજરાતમાં ૪.૩ ટકા લોકો દારૂ પર નિર્ભર હતા, આ રાજસ્થાનના ૨.૩%, બિહારના ૧% અને જમ્મુ-કાશ્મીરના ૪% કરતા પણ વધારે છે. જો કે, રાષ્ટ્રીય સરેરાશ ૧૭.૧% હતો, જેનો જવાબમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

જવાબમાં તેમ પણ કહેવામાં આવ્યું હતું કે, ગુજરાતની ૧.૪૬ ટકા વસ્તી (૬.૬૪ લાખ) અફિણના, ૧.૩૮ ટકા (૬.૨૮ લાખ) સિડટિવના, ૦.૮ ટકા (૩.૬૪ લાખ) ગાંજાના આદી હતા. આ સિવાય ૦.૦૮ ટકા (૩૬ હજાર) ઈન્હેલન્ટના વ્યસની હતા. સર્વેના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં કોકેન, ઍમ્ફેટમીન અને હલૂસિનજનના વપરાશકાર નહોતા.

એકંદરે, સર્વેમાં કુલ વસ્તીના આશરે ૮ ટકા લોકો (૩૬.૫ લાખ) દારૂ અથવા ડ્રગ્સના બંધાણી હતા. સર્વેમાં તમાકૂના વ્યસન વિશે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો.

શહેરના નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, મહામારી દરમિયાન વ્યસનીઓની હદને સમજવા માટે સંખ્યા મહત્વપૂર્ણ છે. નશામુક્તિ કેન્દ્રો અને મનોચિકિત્સકોના જણાવ્યા પ્રમાણે, ડ્રગ્સ અને અન્ય માદક દ્રવ્યોના સેવન માટે ઓપીડીમાં ૨૦૧૯-૨૦ની સરખામણીમાં ૨૦૨૦-૨૦૨૧માં બે ગણો વધારો થયો છે.

દૈનિક રાશીફળ

તા.૩૧.૦૭.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઇ.):- સ્વાસ્થ્ય બરાબર રહેશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

વૃષભ(બ.વ.ઉ.):- પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે.

મિથુન(ક.છ.ઘ.):- થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે.

કર્ક(ડ.હ.):- વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે.

સિંહ(મ.ટ.):- તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

તુલા(ર.ત.):- તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચારશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો.

વૃશ્ચિક(ન.ય.):- તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

મકર(ખ.જ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો.

કુંભ(ગ.શ.સ.):- દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે.

મીન(દ.ચ.ઝ.):-તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો.

૧ ઓગસ્ટ, આંતરરાષ્ટ્રીય દોસ્તી દિવસ

(મિત્તલ ખેતાણ)

દર વર્ષે ઓગસ્ટ મહિનાનાં પહેલા રવિવારે વિશ્વ દોસ્તી દિવસ ઉજવવામાં આવે છે. દોસ્તીની વાત આવે તો સૌથી પહેલાં આપણને બાળપણની જ યાદ આવે જ્યારે આપણે કોઈ પણ ચિંતા કર્યા વગર મિત્રો સાથે મળીને તેમની સાથે મસ્તી કર્યા કરતા. ક્યારેક પતંગબાજી, ક્યારેક અંતાક્ષરી તો ક્યારેક અલગ-અલગ પ્રકારની રમત રમતા. પરંતુ જેમ જેમ મોટા થઇએ તેમ બાળપણનાં દોસ્ત જાણે ખોવાઇ જાય છે. બધા પોતાના કામમાં વ્યસ્ત થઇ જાય અને હવે માંડ એવું શક્ય બનતું હોય છે કે બાળપણાનાં મિત્ર મોટા થયા બાદ મળી શકતા હોય. જો કે કોરોના કાળમાં ગેટ ટૂ ગેધરથી બચવું જ યોગ્ય છે. ફ્રેન્ડશિપ ડે નો ઉદ્દેશ્ય પોતાના મિત્ર પ્રત્યે સ્નેહ અને આભાર વ્યક્ત કરવાનો છે જે મુશ્કેલ ઘડીમાં તમારો હંમેશા સાથ આપતા હોય છે. કહેવાય છે કે ફ્રેન્ડશિપ ડે પ્રથમ વખત ૧૯૫૮માં પરાગ્વેમાં 'આંતરરાષ્ટ્રીય મિત્રતા દિવસ'ના રૂપમાં મનાવવાની રજૂઆત કરવામાં આવી હતી. જો કે, ત્યારબાદ આ માત્ર ગ્રીટિંગ કાર્ડ લેવા અને દેવા પુરતું જ રહી ગયું. ભારતમાં ફ્રેન્ડશિપ ડે પર ઘણા લાંબા સમયથી ફ્રેન્ડશિપ બેન્ડનું પ્રચલન છે. ફ્રેન્ડશિપ ડે ના દિવસે લોકો એકબીજાને ફ્રેન્ડશિપ બેન્ડ પહેરાવે છે. છેલ્લા બે વર્ષોથી કોરોના મહામારીના કારણે ફ્રેન્ડશિપ ડે સેલિબ્રેટ કરવા માટે લોકો ઘરે રહીને જ સોશિયલ મીડિયા પર એકબીજાને આ દિવસની શુભેચ્છાઓ પાઠવી લેતા હોય છે.

એવું જોવા મળ્યું છે કે ફ્રેન્ડશિપ ડે અલગ-અલગ દેશમાં અલગ-અલગ તારીખે મનાવવામાં આવે છે. આમ જોવા જઈએ તો દોસ્તીનો કોઈ ખાસ દિવસ હોય?

દોસ્તીને ઊજવવા માટે કોઈ એક તારીખ પસંદ કરવી પડે? અને જો પ્લાનિંગ કરીને ઊજવવી પડે તો એને દોસ્તી કહેવાય? આપણી પાસે દોસ્તીનાં દાખલા છેક સતયુગથી ઉપનિષદ અને પુરાણો, મહાકાવ્યોમાં જોવા મળે છે. જે કથાઓ આપણને દોસ્તીના નામે સંભળાવવામાં આવે છે એ બધી કથાઓ હૃદયથી હૃદયના સંબંધની કથાઓ છે. ક્યાંય ગણતરી નહીં, ક્યાંક લેવડદેવડ કે અપેક્ષાઓ નહીં. સુદામા અને કૃષ્ણ હોય કે રામ અને હનુમાન. કૃષ્ણ સુદામાની દોસ્તી તો સૌથી આદર્શ દોસ્તી જણાય છે. દોસ્તી ક્યારેય એકતરફી નથી હોતી. ગણતરીથી શરૂ કરાયેલી અને સ્વાર્થ માટે ટકાવવામાં આવેલા સંબંધને દોસ્તી ન જ કહેવાય, બીજું જે કહેવાતું હોય તે! આજના સમયમાં આપણી પાસે દોસ્તી કે મિત્રતા સિવાયનાં ઘણા સંબંધો છે, પરંતુ જેને દોસ્તી કહી શકાય એવો એક સાચો, નિઃસ્વાર્થ, શુદ્ધ સંબંધ છે ખરો? મોટાભાગનાં લોકો ના પાડશે! આનું કારણ તપાસીએ તો સમજાય કે આપણે પણ એવો સાચો, પાકો, મજબૂત અને ઠોસ સંબંધ કોઈને આપી શક્યા નથી. દલીલ કરવા માટે ઘણી થઈ શકે, મોટાભાગનાં લોકો કરે પણ ખરા, પણ સત્ય એ છે કે જો આપણે આપણી પૂર્ણ પ્રામાણિકતાથી કે વિશુદ્ધ વિશ્વાસથી કોઈનાં માટે ઊભા નથી રહી શકતા તો આપણને એવો સંબંધ ઝંખવાનો, માગવાનો કે નહીં મળ્યાની ફરિયાદ કરવાનો અધિકાર નથી. જગત બદલાતું જાય છે. એક જમાનો હતો કે જ્યારે વડની ડાળે ઝૂલા ખાવા, નદીમાં ધુબાકા મારવાથી શરૂ કરીને ખેતરમાંથી કેરી ને જામફળ ચોરી લેવામાં જેણે આપણી સાથે મજા કરી એને આપણે દોસ્ત માનતા હતા. એ પછીના દસકાઓ સુધી એ વ્યક્તિને મળવાનું ન થાય, પરંતુ એની મધુર સ્મૃતિ આપણા હૃદયમાં અકબંધ રહેતી. એ સમયના મિત્રો જ્યારે પાછા એકબીજાને મળે ત્યારે પણ એમની એ નિર્દોષ મજા એવી જ મધુર રહી શકતી અને હવેનાં સમયમાં તો રીયલ ફ્રેન્ડસની બદલે રીલ ફ્રેન્ડસ વધતા જાય છે, કોઈ વ્યક્તિનાં સોશિયલ મીડિયામાં લાખો મિત્રો હોય શકે પણ અસલ જિંદગીમાં ગણીને ત્રણ ચાર મિત્રો એવા હોય છે. જેની સાથે કોઈ પણ ગણતરી કે તર્ક લગાવ્યા વિના માપી તોળીને વાત કરવાની નથી હોતી. આપણે બધા હવે વ્યક્તિને બદલે વસ્તુમાં ફોકસ કરતા થઈ ગયા છીએ. માણસ કોણ છે એના બદલે એની પોસ્ટ અને બેન્ક બેલેન્સ શું છે એના પરથી આપણને દોસ્તી કરવી કે નહીં એનો નિર્ણય કરવાની સમજણ પડતી થઈ છે. દોસ્તી એટલે દેવું, લેવું નહીં જ! મૈત્રી એટલે લાગણી, કોઈ માગણી વગરની. દોસ્તી એટલે સ્વાર્થ વગરનું સમર્પણ. મિત્રતા એટલે મનથી મનનો એક એવો સેતુ જેના પર કોણ, કોના તરફ કેટલું ચાલે છે એનું કોઈ માપ ન હોય. મૈત્રી તો અસ્તિત્વનો બારમાસી ઉત્સવ છે તેને ઉજવવાનું કોઈ દિન ન હોય દોસ્તીમાં તો સમગ્ર જીવન સમર્પિત હોય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

સંજેલી તાલુકામાં સબસ્ટેશન કામગીરી ગોકળગતિએ કે પછી આળસ.!

- સંજેલી તાલુકો બન્યો ને ૮ વર્ષ જેટલો સમય થયો પણ ગામડાંની પ્રજાને પૂરતો વીજપુરવઠો ક્યારે મળશે.
- સંજેલી ૬૬ કેવી સબસ્ટેશનની કામગીરી વહેલી તકે પ્રજાના સેવાર્થ કાર્ય માટે મુકવામાં આવે તેવી પ્રજાની પ્રબળ માંગ.
- સંજેલીમાં ૫૬ ગામોનો સમાવેશ છે અંતરિયાળ વિસ્તારમાં ફેલાયેલ તાલુકો છે કરોડોના ખર્ચે ગસણી મુકામે ૬૬ કેવી.

સંજેલી, સબસ્ટેશનનું આશરે બે વર્ષ પહેલાં ખાતમૂહુત કરવામાં આવ્યું હતું પરંતુ સબસ્ટેશન કામગીરી મંથરગતિએ થતા આજદિન સુધી સબસ્ટેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. સરકાર દ્વારા ઘર આંગણેથી વીજ પુરવઠો સરળતા પૂર્વક મળી તેવા આશયથી નવીન સબસ્ટેશન મંજુર કરવામાં આવ્યું હતું. જેને ગ્રામજનોમાં ભારે અનેરી ખુશીઓ જોવા મળી હતી, પરંતુ સબસ્ટેશનની કામગીરી સ્લોમોશનમાં થતા પ્રજામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સંજેલી વિસ્તારમાં વીજ સપ્લાય ટ્રાન્સફોર્મરની ડિપીઓ પણ અછતના કારણે વીજપુરવઠો વોલ્ટેજ ધીમી ગતિએ મળે છે. જેને કારણે લો વોલ્ટેજના કારણે પ્રજાએ લાઈટ વિના રહેવાનો વારો પડે છે. સંજેલીના કેટલાય વિસ્તારોમાં લો વોલ્ટેજ મળવાના કારણે પ્રજાના ભારે રોષ ભબુકી રહ્યો છે. પ્રજાની અવાર નવાર માંગ કરવા છતાં પણ વીજ સપ્લાય ટ્રાન્સફોર્મર ડીપીઓ નાખવામાં આવતી નથી જેને કારણે ક્યારેક ફાસ્ટ વોલ્ટેજ આવવાના કારણે ઘરોમાં શોર્ટ સર્કિટ થવાના કારણે ટ્યુબ, ગોળાઓ, ટીવી, ફ્રીજ ઉડી જવાના બનાવો બને છે

સંજેલી તાલુકો અમલમાં આવ્યા ૭થી ૮ વર્ષ જેટલો સમય થઈ ગયો છતાં પણ તાલુકાની પ્રજા વીજ મથક વંચિત છે. સંજેલી તાલુકામાં તમામ કચેરીઓ કાર્યરત થઈ ગયેલ છે. ફક્ત વીજ કનેક્શન કે બિલો ભરવા સંજેલી તાલુકાની પ્રજાને ૩૦ કિલોમીટર સુધી લાંબા થવું પડે છે. જેને કારણે તાલુકાની પ્રજાને ભારે હાડમારી વેઠવાનો વારો પડે છે. ઝાલોદ સુધી ધક્કો ખાતા આંખોય દિવસનો બગાડ થતો હોય છે. જેને લઈ તાલુકાની પ્રજાની માંગણી અને લાગણી છે કે ઘર આંગણે સુવિધા ઉભી કરવામાં આવે જેથી પ્રજાનો સમય પણ બચે અને ઘર આંગણે સવલત મળે તેવા આશયથી ગ્રામજનોની તીવ્ર લોકમાંગ ઉઠવા પામી છે સંજેલી નગરવાસીઓ ને બહુ હેરાન થવાનો વારો આવ્યો છે. વહેલી તકે સંજેલી તાલુકામાં વીજ કનેક્શન ક્યેરી વહેલી તકેખોલવામાં આવેતેવી સંજેલીની પ્રજાઓની માંગ ઉઠવા પામી છે. સંજેલી તાલુકા મથક કેવીજક્યેરીના અભાવના કારણે ૬૬ કે.વી સબટેસન ની ખોરંભે પડેલી કામગીરીના કારણે વહેલી તકે ચાલુ કરવામાં આવે તેવી સંજેલી પ્રજાની માંગ ઉઠવા પામી છે. ૬૬ કેવી સબસ્ટેશનનું વહેલી તકે કામ પૂર્ણ કરી વહેલી તકે પ્રજાના સેવાર્થ કાર્ય માટે ખુલ્લું મુકવામાં આવે તેવી તાલુકાની પ્રજાની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

દાહોદ તાલુકાના નગર સહિત અંતરિયાળ ગામોના કાચા રસ્તા હવે પાકા બનશે

દાહોદ, દાહોદ તા.૩૦ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ દાહોદ તાલુકાના ૧૦ કરોડના રસ્તાના કામ મંજૂર કરવામાં આવ્યા છે. દાહોદ તાલુકાના નગર વિસ્તાર સહિત અંતરિયાળ ગામોના કાચા રસ્તાઓ પાકા બનતાં નગરજનો તેમજ ગ્રામજનોની સુવિધામાં વધારો થશે.

આ રૂ. ૧૦ કરોડના કામો અંતર્ગત ભાટીવાડા ગામતળ વિનોદભાઈ ઘરથી તળાવને જોડતો ડામરનો રોડ, દાહોદ એમજીવીસીએલની ઓફિસમાંથી એપીએમસી ગેટ નં. ૩ થઈ રળીયાતી, લક્ષ્મીનગરને જોડતો ડામરનો રોડનું કામ, રાછરડા રોઝ ફળિયા પ્રાથમિક શાળાથી મહુડી ફળિયા ખેંગ રોડ સુધી માટી મેટલ ડામર રોડનું કામ, નવાગામ પંચાયત ઓફિસથી રવાળીખેડા જતા માટી મેટલ ડામર રોડનું કામ, દાહોદ ચાકલીયા મુખ્ય રોડથી ઘડા ફળિયા થઈ ખરોડા ગામતળ સુધી માટી મેટલ ડામર રોડનું કામ, ખરોદા ગામે મુંડીયા ફળિયા પ્રાથમિક શાળા વર્ગથી ચાકલીયા મેઈન રોડને જોડતા માટી મેટલ ડામર રોડનું કામ, ખરોદા ગામે આલની તળાઈ પ્રાથમિક શાળા સુધી માટી મેટલ ડામર રોડનું કામ, છાપરી ગામે ઝાલોદ મુખ્ય રોડથી બાબુ નન્સુ હઠીલાના ઘર આગળથી અંધશાળા સુધી, મંડાવાવ ટાંડા રોડથી સબરાળા ડાંગી ફળીયા સુધી, ગલાલીયાવાડ ખરેડી મુખ્ય રોડથી હઠીલા ફળીયા થઈ દેલસર રોડને જોડતો ડામર રોડ, હિમાલા ગામે ભાભોર ફળીયા સ્મશાન ઘાટ સુધી ડામર રોડ, ગલાલીયા વાડ નદી ફળીયા ડામર રોડથી વજુ ભૂરીયાના પરા સુધી ડામર રોડ, ખરોદા ગામે આલની તળાઈ ડામર રોડથી સ્મશાન ઘાટ સુધી, ખરોદા ગામે સંગાડા ફળીયા, રાણા ફળીયાના ડામર રોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

દાહોદ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીને બગોદરાથી એક ફોન આવ્યો ને મનોવ્યથિત યુવતિનો પરિવાર સાથે મેળાપ થયો

દાહોદ, થોડા દિવસ પહેલા દાહોદના કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીને બગોદરાથી એક વ્યકિતનો ફોન આવ્યો ને કહ્યું સાહેબ અમારે ત્યાં એક મનોવ્યથિત યુવતી છે અને હાલમાં જ વાતચિત કરતી થઈ છે. તેમની વાતચિત ઉપરથી દાહોદ આસપાસની હોય એવું લાગે છે. તપાસ થઈ શકતી હોય તો કરવા એ વ્યકિતએ વિનંતી કરી. તેમના આ એક ફોનકોલ અને એક અઠવાડિયાની મહેનત બાદ આખરે એ યુવતીનો પરિવાર સાથે મેળાપ થયો.

દાહોદ જિલ્લા વહીવટી તંત્રની સંવેદનશીલતાની પરિચાયક આ ઘટના રસપ્રદ છે. ગત્ત તારીખ ૩૧-૫-૨૦૧૯ના રોજ પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલાથી કોઇએ મહિલા સુરક્ષા માટેની હેલ્પલાઇન ૧૮૧ અભયમ્ ઉપર ફોન કર્યો અને કહ્યું કે અહીં કે એક મનોવ્યથિત યુવતી નોધારી ભટકે છે. બાદ આ યુવતીને અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના બગોદરા ખાતેની સ્વૈચ્છિક સંસ્થા માનવ મંદિર સેવા પરિવાર ખાતે ખસેડવામાં આવી છે.

આ યુવતી સાવ વ્યથિત અવસ્થામાં હતી. કશુ બોલતી નહોતી. બસ બધાની સામે જોયા જ કરે. બગોદરા ખાતે તેમના અઢી વર્ષના અંતેવાસ દરમિયાન સંસ્થાના દિનેશભાઇ લાઠિયા દ્વારા તેમની માનસિક રોગની સારવાર કરાવવામાં આવી. આમ છતાં, યુવતી કશું બોલતી નહોતી.

એકાદ પખવાડિયા પૂર્વે આ યુવતી થોડુંથોડું બોલતી થઇ. એટલે સંસ્થાના સેવકોએ નિષ્ણાંતોની મદદથી તેમની સાથે વાર્તાલાપ શરૂ કર્યો. જેમા તેમણે પોતાનું નામ ગીતા હોવાનું કહ્યું અને બહુ જ અસ્પષ્ટ ભાષામાં પોતાના ગામના બેત્રણ નામ કહ્યા. તેમની ભાષા ઉપરથી લાઠિયાને એવું લાગ્યું કે ગીતાનું વતન દાહોદ આસપાસ હોવું જોઇએ. ગીતા જે ગામોનું નામ કહેતી હતી તેમાં એક કલમાડી હતું. એટલે તેમણે દાહોદ ફોન કર્યો.

ફોનનો તુરંત પ્રત્યુત્તર આપી કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જિલ્લા બાળસુરક્ષા કચેરીને ઉક્ત બાબતની જાણકારી મેળવવા માટે કહ્યું. એથી બાળ સુરક્ષા એકમે પ્રથમ તો રતલામમાં સંપર્ક કર્યો. રતલામ પાસેના ગામનું નામ કરમદી હતું. પણ, ત્યાંથી એવી માહિતી મળી કે મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં પણ આવું એક ગામ છે. અંતે ગીતાનું ગામ પણ નંદુરબારનું કલમાડી નીકળ્યું.

ગામ અંગેની તપાસમાં એવી પણ માહિતી મળી કે ગીતાના પિતા સુધામભાઇ પણ તેમની ગુજરાતમાં શોધખોળ માટે આવ્યા હતા. તેવામાં કોરોનાકાળમાં તેમનું અવસાન થયું. કેવી કરૂણતા ! એક તરફ પુત્રી માનસિક ક્ષુધબુધ અવસ્થામાં લાપત્તા અને બીજી તરફ પિતાનું અવસાન.

ઉક્ત માહિતી લાઠિયાને આપવામાં આવી. માનસ સેવા મંદિરના કાર્યકરો વાહન લઇને નંદુરબાર ખાતે પહોંચ્યા અને ગીતાનો અંતે તેમના પરિવાર સાથે મેળવા કરાવ્યો. આ મેળાપમાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર નિમિત્ત બન્યું.

દાહોદ ટાઉન પોલીસ મથકના પીઆઇને ગુજકોપ પ્રોજેક્ટ હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આવતીકાલે ઈ - કોપ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે

દાહોદ, દાહોદ ટાઉન પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટરને ગુજકોપ પ્રોજેક્ટ હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ઈ-કોપ એવોર્ડથી આવતીકાલે ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે સન્માનિત કરવામા આવનાર છે.વધુ મળતી માહિતી અનુસાર, ગુજકોપ પ્રોજેક્ટ હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ જુન -૨૧ માસના ઈ - કોપ એવોર્ડ માટે સન્માનિત કરવાનું કમીટી દ્વારા નક્કી કરેલ છે. જેમાં દાહોદ કામ પોલીસ મથકમાં પીઆઇ તરીકે ફરજ બજાવતાં વસંત પટેલને ગુજકોપ પ્રોજેક્ટ હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુ.રા , ગાંધીનગરનાઓની અધ્યક્ષતામાં આવતીકાલે યોજાનાર સ્ટેટ એમ્પાવર્ડ કમિટીની મીટીંગમાં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુ.રા, ગાંધીનગર દ્વારા ઈ - કોપ એવોર્ડથી સન્માનિત કરી પીઆઈ વસંત પટેલને પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવશે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળે છે.

દાહોદ નગરમાં સંવેદના દિન નિમિત્તે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

દાહોદ, રાજયના યશસ્વી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વને પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસર ઉપર આગામી તા.૨/૮/૨૦૨૧ ને સોમવારના રોજ દાહોદ મામતલદાર કચેરી દ્વારા સેવાસેતુના બે કાર્યક્રમો યોજનાર છે. જેમાં તાલુકામાં કતવારા ખાતે મુખ્ય પ્રાથમિક શાળા અને દાહોદ નગરમાં સ્વામિ વિવેકાનંદ સંકુલ, ગોવિંદનગર ખાતે સવારના ૯ વાગ્યાથી યોજાશે. જેમાં રાજ્ય સરકારની ૩પથી વધુ વિભાગોની વિવિધ સેવાનો લાભ નાગરિકોને મળી શકશે.

ફતેપુરા તાલુકાના બે તથા ગરબાડા તથા લીમખેડા તાલુકાના એક- એક શિક્ષકોને જી.પી.એફ ખાતામાંથી કરેલી ઉપાડની રકમ વ્યાજ સહિત જમા કરવા નોટિસ અપાઈ

- ચાર શિક્ષકો પાસેથી કુલ રૂપિયા-૮,૦૨,૩૩૯/-વ્યાજ સહિત રકમ વસુલાત કરવામાં આવી.
- અનિયમિતતા સબબ જે-તે સમય દરમિયાન શિક્ષણ શાખાની હિસાબી શાખામાં ફરજ બજાવતા સંબંધિત કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસ કરવા દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને ભલામણ કરવામાં આવી.

દાહોદ જિલ્લા હસ્તકની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોના નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ ના જી.પી.એફ.ના ઓડિટ અહેવાલમાં અંશતઃ આખરી ઉપાડની રકમના ખાતાવહીમાં ન ઉધારવા બાબતની અનિયમિતતાની નોંધ લેવામાં આવી.સદર બાબતે રેકર્ડની ચકાસણી કરતા ફતેપુરા તાલુકાના ૨ તથા ગરબાડા અને લીમખેડા તાલુકાના એક-એક શિક્ષકના જી.પી.એફ ખાતામાં હિસાબ અંગેની અનિયમિતતા સ્પષ્ટતાપૂર્વક જણાવેલ જોવા મળેલી આ ગંભીર બાબતો પરત્વે સંલગ્ન શિક્ષકોને પોતાના જી.પી.એફ ખાતામાંથી કરેલ ઉપાડની રકમ વ્યાજ સહિત નિયત દરે જમા કરવા નોટિસ આપવામાં આવેલ હતી. નોટિસ આપી અત્રેની કચેરીથી મળેલ મંજૂરી અને આધિન સદર ચાર પ્રાથમિક શિક્ષકો પાસેથી અનુક્રમે રૂપિયા-૧,૭૨,૫૬૬/-, ૩,૧૯,૩૮૦/-,૧,૭૨,૯૪૫/-, તથા રૂપિયા-૧,૩૭,૪૪૮/- આમ કુલ મળી રૂપિયા૮,૦૨૩૩૯/- પુરાની વ્યાજસહિતની રકમ વસુલાત કરવામાં આવેલ છે.

પ્રાથમિક શિક્ષકોના જી.પી.એફ ખાતાનું વર્ષ-૨૦૧૨-૧૩ તેમજ પછીના વર્ષનુ મેળવણુ કરવામાં આવેલ છે. હવેથી શિક્ષકોના જી.પી.એફ.ઉપાડ માટે શિક્ષકોની ખાતાવહીમાં શરૂઆતના વર્ષથી ચકાસણી કરી બચત સિલક ની ખરાઇ કરવામાં આવે છે.અત્રેની કચેરી દ્વારા તમામ શિક્ષકોને પોતાના ખાતાના હિસાબ અંગેની સ્લીપો આપવામાં આવે છે.સદર સ્લીપો મળ્યેથી પોતાના જી.પી.એફ ખાતાના હિસાબ અંગેની કાળજી રાખવાની પ્રાથમિક શિક્ષકની પણ નૈતિક ફરજ બને છે.પોતાના ખાતાના હિસાબ અંગેની વિસંગતતા જણાય તો અત્રેની કચેરીના તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે.વધુમાં વર્ષ-૨૦૧૨-૧૩ ના જી.પી.એફ.ઓડિટ અહેવાલમાં જણાઇ આવેલ અનિયમિતતા સબબ જે-તે સમય દરમિયાન શિક્ષણ શાખા અને હિસાબી શાખામાં ફરજ બજાવતા સંબંધિત કર્મચારી/અધિકારી સામે ખાતાકીય તપાસ અંગે જિલ્લા વિકાસ અધિકારી દાહોદને ભલામણ કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

દાહોદના તણીયા ગામે શાહુડીના તિક્ષ્ણ પીંછા થી અજગર ઘાયલ થયો

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ નજીકના તણસીયા મુકામે ધર્મેશભાઈ ભાભોરના ખેતરમાં શાહુડી સાથે જંગે ચઢેલ એક અજગર, શાહુડીના તીણાં પીંછાથી ઘાયલ થયો હોવાની માહિતી મળતા જ પ્રકૃતિ મિત્ર મંડળના સર્પ રેસ્ક્યુઅર અંકિત કટારાએ, સત્વરે સ્થળે પહોંચીને આશરે ૮ ફૂટ લાંબા અને ૧૫ કિગ્રા વજન ધરાવતા ઘાયલ અજગરને પકડી લીધો હતો. અને બાદમાં દાહોદના 'અજય દેસાઈ પ્રકૃતિ ભવન' ખાતે લાવી દાહોદ અનાજ માર્કેટ ખાતે પશુ ચિકિત્સાલયમાં તજ્ઞો દ્વારા તેની સારવાર હાથ ધરાતા અજગરના શરીરે ભોંકાયેલું અણીદાર પીંછું સિફતપૂર્વક કાઢી તેના ઘા ની દવા કરાવી અજગરને નવજીવન અપાયું છે. પ્રકૃતિ મિત્ર મંડળના સર્પવિદ્ધ કિન્નર દેસાઈના જણાવ્યા મુજબ આ અજગર ઘાયલ હોઈ કુદરતી ખાવા નહીં લેવાતું હોઈ ઢીલો પડી ગયો છે. તો હજુ આ અજગરને ઘા ના ભાગે સોજો હોઈ એક- બે દિવસ બાદ એકસ-રે કરાવી આગળની સારવાર બાદ સાજો થયા બાદ કુદરતી વાતાવરણમાં છોડી મુકાશે.

ધાનપુરના રતનમહાલ પ્રેમી પંખીડાએ રતનમહાલમાં યુવક-યુવતીએ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો કર્યો પ્રયાસઃ બન્ને હોસ્પિટલમાં સારવાર હેઠળ

ધાનપુર, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પર્યટક સ્થળ એવા રતનમહાલમાં એક પ્રેમી પંખીડાએ આત્મહત્યા કરવા માટે આ પર્યટક સ્થળે પહોંચી ઝેરી દવા ગટગટાવી લેતાં પ્રેમી પંખીડાઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.દાહોદ તાલુકાના રેંટિયા ગામે રહેતો એક કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો યુવક અને તેની સાથે ધાનપુર તાલુકામાં રહેતી એક યુવતી એમ બંન્ને યુવક-યુવતીએ અગમ્ય કારણોસર જીવન ટુંકાવી લેવાના નિર્ણય સાથે બે દિવસ અગાઉ ધાનપુર તાલુકામાં આવેલ પર્યટક સ્થળ એવા રતનમહાલ ખાતે પહોંચ્યાં હતાં.અને જ્યાં આ આ બંને યુવક-યુવતીએ ઝેરી દવા ગટગટાવી લેતાં આ અંગેની જાણ આસપાસના રહીશો તથા હરવા ફરવા આવેલ અન્ય પર્યટકોને થઈ હતી તેઓએ પોલીસને જાણ કરતાં પોલીસે સ્થળ પર પહોંચી ગઈ હતી અને તાત્કાલિક બંને યુવક યુવતીના પરિવારજનોને આ મામલાની જાણ કરતાં તેઓ પણ આવી પહોંચ્યાં હતાં. અને પ્રથમ તેઓને ધાનપુરના પીએચસી સેન્ટર ખાતે લઈ ગયાં હતાં પરંતુ બંનેની તબીયત વધુ લથડતાં તેઓને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં અને હાલ આ પ્રેમી પંખીડા દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યાં છે. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, આ બંને યુવક-યુવતી એકબીજાના ગળાડૂબ પ્રેમમાં હોવાની ચર્ચાઓ ઉઠવા પામી છે. તેમજ પ્રેમ સંબંધના કારણે આ બંને યુવતીએ આત્મહત્યા કરવાનો નિર્ધાર સાથે ઝેરી દવા ગટગટાવી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. જોકે હાલ આ બન્ને યુવક-યુવતીની તબીયત સુધારા પર આવી છે. જોકે આ સમાચાર લખાય છે. ત્યાં સુધી ઉપરોકત બનાવ સંદર્ભે પોલીસમાં હાલના તબક્કે કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી.

દાહોદના કતવારા ગામે રાત્રીના સમયે મકાનમાં બાકોરું પાડી ચોરી કરી બે ચોર ફરાર એકને ઝડપી પાડયો

દાહોદ, દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના કતવારા ગામનો ચકચારી બનવા સામે આવ્યો છે. જેમાં રાત્રીના સમયે ત્રણ ચોર ચોરી કરવાના ઈરાદે એક મકાનમાં બાકોરૂં પાડી ઘુસ્યાં હતાં અને આ દરમ્યાન ઘરધણી જાગી જતાં બે ચોર ચાંદીના દાગીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયાં હતા. જ્યારે બીજા પૈકી એક ચોરનો પીછો કરતાં ચોરે ઘરધણીને લોખંડની ટામી માથાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી, પરંતુ ઘરધણીએ ચોરનો પ્રતિકાર કરી તેને ઝડપી પાડ્યો હતો અને ગ્રામજનો દ્વારા ઝડપાયેલ ચોરને પોલીસને હવાલે કરતાં આ સમગ્ર બનાવના સમાચાર તાલુકા સહિત જિલ્લામાં વાયુવેગ ફેલાતાં ચોરના રાત્રી આતંકને પગલે જિલ્લામાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.ગતરોજ મોડી રાત્રીના ત્રણેક વાગ્યાના આસપાસ દાહોદ તાલુકાના કતવારા ગામે ઘરમપુરી ફળિયામાં રહેતાં કાંતિભાઈ ભાભોર તથા તેમના પરિવારજનો ઘરમાં મીઠી નિંદર માણી રહ્યાં હતાં. આ દરમ્યાન ત્રણ જેટલા ચોર ઈસમોએ કાંતિભાઈના મકાનમાં બાકોરૂં પાડી ચોરી કરવાના ઈરાદે ઘુસ્યાં હતાં. ચોરો દ્વારા કાંતિભાઈના મકાનમાંથી ચાંદીના દાગીના અંદાજે ૭૦ હજાર જેટલી કિંમતના દાગીના ચોરી કરી ફરાર થવાની ફિરાકમાં હતાં કે તેવા સમયે કાંતિભાઈ જાગી ગયાં હતાં અને ચોરોનો પ્રતિકાર કરતાં ચોરો નાસવા લાગ્યાં હતાં. આ દરમ્યાન બે ચોરે ચાંદીના દાગીના લઈ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયાં હતાં જ્યારે એક ચોરનો કાંતિભાઈએ પ્રતિકાર કરી પીછો કરતાં ચોરે કાંતિભાઈના માથામાં લોખંડની ટામી જેવો હથિયાર કાંતિભાઈના માથામાં મારી દેતા કાંતિભાઈ લોહીલુહાણ થઈ ગયાં હતા પરંતુ ઈજાગ્રસ્ત હોવા છતાંય કાંતિભાઈએ હિંમત ન હારી ચોરનો પ્રતિકાર કરી ચોરને ઝડપી પાડ્યો હતો. આ ઘટનાની જાણે મોડી રાત્રે ગ્રામજનોમાં વાયુવેગે ફેલાતાં લોક ટોળે કાંતિભાઈના ઘર તરફ દોડી ગયાં હતા અને ઝડપાયેલ ચોરને બાંધી દીધો હતો અને સવારે ઝડપાયેલ ચોરને કતવારા પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. મોડીરાત્રીની ચોરીની ઘટનાને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો ત્યારે ઝડપાયેલ ચોરની પોલીસ દ્વારા સઘન પુછપરછ આરંભ કરવામાં આવે તો તેના અન્ય બે સાગરીતો સહિત તેની અન્ય ચોર ગેંગનો પણ પર્દાફાર્શ થાય તેમ છે.આ સમગ્ર મામલે કતવારા પોલીસે ક્રાયટેસરની કાર્યવાહી ધરી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયાની સ્ટેટ વખતથી ચાલતી પેઢી સાથે છેતરપિંડી કરનાર લવિન્દ્રભાઈ મીઠાલાલ પંચાલના પુત્ર આશિષ પંચાલ રહે.લુહાર ફળિયું ઝાલોદના આગોતરા જામીન અરજી

દાહોદ, પંચમહાલનું પેરિસ ગણાતું દેવગઢ બારિયા જ્યારે સ્ટેટ હતુ. ત્યારની એક સૌથી જૂની પેઢી મે.ગાંધી કલ્યાણજી ભુદરજી જેઓ સોના ચાંદી ના દાગીના માટે ની એક વિશ્વાસપાત્ર પેઢી છે. આ પેઢીના હાલ માલિક શ્રેયાંશભાઈ ગાંધી તથા તેમના બે પુત્રો કૌનલભાઈ તથા કેનલભાઈ છે. તેઓ ઝાલોદના આશિષભાઈ પંચાલને ૧૫ થી ૨૦ વર્ષથી ચાંદીના દાગીના બનાવવા આપતા હતા. તેઓ ૯૮.૫ ટચ ની ચાંદી આપતા હતા જેની સામે આશિષભાઈ એ ૯૮.૫ ટચ દાગીના બનાવીને આપવાના થતા હતા. પંરતુ આશિષભાઈ એ ૮૫ ટચ ના દાગીના આપીને વિશ્વાસઘાત કરીને છેતરપિંડી કરેલ છે. આ બાબતે કેનલભાઈ ગાંધી એ આશિષભાઈને ટેલિફોનીક વાત કરેલ હતી. જેથી રૂબરૂ દે.બારીયા મળવા બોલાવેલ તો આશિષભાઈ તેમના પરિવાર સાથે આવીને કૌનલભાઈ તથા કેનાલભાઈ સાથે ઉશ્કેરાઈ જઈ ને જેમતેમ મનફાવે તેમ બોલ્યા હતા. જેથી આ બાબત ની ફરિયાદ ૧૮-૦૬-૨૦૨૧ ના રોજ ૧) આશિષકુમાર લવિન્દ્રભાઈ પંચાલ ૨) મયંકકુમાર લવિન્દ્રભાઈ પંચાલ ૩) નિધીબેન પંચાલ તથા ૪) લવિન્દ્રભાઈ પત્ની તમામ રહેવાસી ઝાલોદ વિરૂદ્ધ દેવગઢ બારીયા પોલીસ મથકે નોંધવામાં આવેલ હતી. જેમાં આરોપી એ લીમખેડા સેશન્સ કોર્ટ માં આગોતરા માટે જામીન અરજી કરેલ હતી. પરંતુ ફરિયાદી ના પૂરતા અને સત્ય પુરાવાના આધારે સેશન્સ કોર્ટ ના નામદાર જજ પી.પી.પુરોહિત દ્વારા ચુકાદો આપતા મુખ્ય આરોપી આશિષ પંચાલના આગોતરા જામીન નામંજૂર કરેલ છે. જો પોલીસ દ્વારા ધરપકડ કરી ને કોર્ટ માં રિમાન્ડ માંગવામાં આવે તો ભૂતકાળમાં અન્ય વેપારી ઓ સાથે આચરેલ છેતરપિંડીનો પણ પર્દાફાશ થાય તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. જેથી હવે પોલીસ કેટલા સમયમાં આરોપીઓને જેલના સળિયાની હવા ખવડાવશે તેની દેવગઢ બારીયા ની જનતા રાહ જોઈ રહી છે. જેથી દે.બારિયાની પ્રતિષ્ઠિત પેઢી મે.ગાંધી કલ્યાણજી ભૂદરજીના માલિકને ન્યાય મળે અને આરોપીઓને સજા થાય.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 289

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

કાલોલ સી.બી.ગર્લ્સ હાઈસ્કુલ જીલ્લા શિક્ષણાધિકારી અને અન્ય અધિકારીઓની દાદાગીરી મામલે ફરિયાદ

કાલોલ,

કાલોલમાં શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત સી.બી.ગર્લ્સ હાઈસ્કુલના આચાર્ય તૃપ્તીબેન વોરાને બરતફર કરવામાં આવેલ છે અને આ મામલો જયુડિશલ કોર્ટમાં ચાલી રહ્યો છે. છતાં જીલ્લા શિક્ષણાધિકારી, નાયબ નિયામક, કેળવણી નિરીક્ષક તેમજ તૃપ્તીબેન વોરાને લઈ શાળામાં પહોંચ્યા હતા અને ઈ.આચાર્યને મંડળના મંત્રીને સ્થળ ઉપર બોલાવીને બહેનને હાજર કરવા દબાણ કરી ગેરવર્તણૂંક કરવામાં આવ્યાનો કિસ્સો સામે આવ્યો છે.

કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત સી.બી.ગર્લ્સ હાઈસ્કુલના આચાર્ય તૃપ્તીબેન વોરાને નોકરી ઉપર થી બરતરફ કરવામાં આવ્યા છે અને મુદ્દો જયુડિશીયલ કોર્ટમાં ચાલી રહ્યો છે. તેમ છતાં બરતરફ કરાવેલા આચાર્ય તૃપ્તીબેન વોરાને લઈ જીલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ, નાયબ નિયામક વાય.એચ.પટેલ, એ.એચ.ચૌધરી, કચેરીની કેળવણી નિરીક્ષક, મદદનિશ કેળવણી નિરીક્ષક બે સરકારી ગાડીઓ લઈને બુધવારના રોજ શાળામાં આવ્યા હતા. સી.બી.ગર્લ્સ હાઈસ્કુલના ઈ.આચાર્યને મંડળને બોલાવવાનું કહેવામાં આવ્યું હતું. જેને લઈ મંત્રી સ્થળ ઉપર આવ્યા હતા. ત્યારે વાય.એચ.પટેલ એ શાળાના મંત્રીને બહું ડાહ્યા ન થવા પાણીમાં રહીને મગર સાથે વેર ન કરાય. આ બહેનને હાજર કરી દો નહિ તો સ્કુલ બંધ થઈ જશે અને તેમ ઠેકાણે પડી જશો તેવી ચિમકી અપાઈ હતી. સાથે તમે કાંઘલ જાડેજાના જેવા માથા ભારે તો નથી ને ? જયારે નાયબ નિયામક એ.એચ.ચૌધરી દ્વારા ગુંડા તત્વો જેવું વર્તન કરતા હતા. બહેનને હાજર કરી દો નહિ તો ટાંટીયા તુટી જશે. આ બહેનને હાજર કરી દો. તમારી ગ્રાન્ટ પણ છુટી કરી દઈશું તેમ જણાવ્યું હતું. જીલ્લા શિક્ષણાધિકારી બી.એચ.પંચાલ દ્વારા પણ આમને બહુ પડેલી છે કાયમ આડાઈ કરે છે આમને સરખા કરાવી દો એટલે કાયમની પ્રોબ્લેમ શોલ્વ થઈ જાય તેમ કહેતા હોય આવા અધિકારીઓના વર્તન થી શાળાના મંત્રી એ મોબાઈલ ઉપર રેકોર્ડીંગ શરૂ કરતાં બરતરફ કરાયેલા તૃપ્તીબેન વોરાને હાજર કરવા ધમકી આપતાં અધિકારીઓ શાંત થઈ ગયા હતા. અને ગેંગે ફેંફે કરતા જોવા મળ્યા હતા. સી.બી. ગર્લ્સ હાઈસ્કુલમાં કોઈપણ જાતના લેખિત હુકમ કે કાગળ ઉપર સબ જયુડિશીયલ મામલામાં કોર્ટની ઉપરવટ જઈને દાદાગીરી કરીને બરતફર કરાયેલા આચાર્યને ગેરકાયદેસર રીતે હાજર કરવા અધિકારીઓ શાળામાં પહોંચ્યા હતા. અધિકારીઓ બરતફર કરાયેલ આચાર્યનો મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે. ત્યારે અધિકારીઓ કોની સુચના થી કોર્ટ મેટર હોય ત્યારે અધિકારીઓ આવી બાબતમાં માથું મારતા નથી તેમ છતાં અધિકારીઓ બે સરકારી વાહનો આવીને સ્કુલ બંધ કરવાની ધમકી ટાંટીયા તોડી નાખવાની ધમકી આપવા પાછળના સ્વાર્થ શું હોય શકે તે ચર્ચાનો વિષય બન્યો છે. જીલ્લા શિક્ષણાધિકારીની મહેબાની થી બરતરફ કરાયેલા આચાર્યને શાળા મંડળની મંજુરી વગર બારોબાર પગાર અને એરીયર્સ પણ ચ્હાણી કરાઈ છે. ત્યારે આ બાબતે બનાવના મામલે શાળા મંડળના મંત્રી દ્વારા કાલોલ પોલીસ મથકે નાયબ નિયામકો, જીલ્લા શિક્ષણાધિકારી, કેળવણી નિરીક્ષક, મદદનિશ કેળવણી નિરીક્ષક, ક્લાર્ક, બરતરફ કરાયેલા તૃપ્તીબેન વોરા મળી કુલ સાત વ્યક્તિઓ શાળામાં મંત્રીને ધાક્ધમકી આપવાની ફરિયાદ નોંધાવામાં આવી છે. અને તેની નકલો ઉચ્ચ અધિકારીઓ સુધી રવાના કરી છે.

- બરતરફ આચાર્યને લેખિત હુકમ વગર હાજર કરવા દબાણ.
- હાલ કોર્ટમાં ચાલતો હોય છતાં અધિકારીઓ દ્વારા તૃપ્તીબેન વોરાને હાજર કરાવવા પહોંચ્યા હતા.

પંચમહાલ જિલ્લાપમાં પાંચ વર્ષ આપણી સરકારના, સૌનો સાથ સૌનો વિકાસના ઉજવણી અંતર્ગત વિવિધ લોકોપયોગી કાર્યક્રમોનું આયોજન

ગોધરા,

પાંચ વર્ષ આપણી સરકારના સૌનો સાથ સૌનો વિકાસ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા.૧ થી ૯ ઓગષ્ટ દરમિયાન વિવિધ પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેની પૂર્વતૈયારીઓ અને આયોજનની સમીક્ષા અર્થે આજે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને અમલીકરણ અધિકારીઓની બેઠક જિલ્લા સેવાસદન, ગોધરા ખાતે યોજાઈ હતી.

પાંચ વર્ષ આપણી સરકારના– સૌના સાથ, સૌના વિકાસના અંતર્ગત જિલ્લામાં યોજાનાર આ કાર્યક્રમોની તૈયારીઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવતા કલેક્ટરએ આયોજન કોવિડ–૧૯ પ્રોટોકોલના પાલન સાથે થાય તે અંગે માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો–લાભાર્થીઓની બેઠક વ્યવસ્થા–ડાયસ પ્લાન, સોશિયલ ડિસન્ટન્સિંગનું પાલન, લાભોનું વિતરણ સહિતની બાબતોના ક્ષતિરહિત આયોજન અંગે કલેક્ટરએ નિર્દેશ આપ્યા હતા. રાજયના તમામ જિલ્લાઓ ઓનલાઈન માધ્યમથી રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમ સાથે જોડાવાના હોવાથી નેટ કનેક્ટિવિટી સતત જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા પણ જિલ્લા સમાહર્તાએ જણાવ્યું હતું.

કાર્યક્રમોની વિગતો જોઈએ તો, તા.૧લી ઓગસ્ટના દિનને જ્ઞાનશક્તિ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવશે. તા. ૦૨ ઓગસ્ટના દિનને સંવેદના દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લાના નાગરિકોને વિવિધ સરકારની ફ્લેગશીપ યોજનાઓનો લાભ તેમને મળી રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યું છે. તા. ૦૩ ઓગસ્ટને અન્નોત્સવ દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી રાજયમાં યોજનાર વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનશે. તા.૪થી ઓગસ્ટના દિનને નારી ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે જિલ્લાનની મહિલાઓના સન્માન તથા ઉત્કર્ષના હેતુસર મહિલાઓ સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી નારી ગૌરવ દિવસ નિમિત્તે મહિલાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાશે. તા.૫ મી ઓગસ્ટના દિનને કિસાન સન્માન દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ દિવસે સમગ્ર જિલ્લા માં નક્કી થયેલા સ્થળો ખાતે કિસાન સૂર્યોદય યોજના અને સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. જિલ્લાહના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે રોજગાર મેળાઓ સહિતના વિવિધ કાર્યક્રમો થકી તા.૦૬ ઓગસ્ટે રોજગાર દિવસ ના અંતર્ગત રોજગારીની તકો અંગેના કાર્યક્રમો યોજાશે. તા.૦૭મી ઓગસ્ટે વિકાસ દિવસ અંતર્ગત જિલ્લાદમાં ચાલી રહેલી અવિરત વિકાસની પ્રક્રિયાને વધુ તીવ્ર ગતિથી આગળ લઈ જવાશે. તા.૦૮મી ઓગસ્ટે શહેરી જન સુખાકારી દિન અંતર્ગત શહેરી જન સુખાકારીની વ્યવસ્થા વધુ સઘન બનાવા માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૦૯મી ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવશે. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એમ.ડી.ચૂડાસમા, પ્રાયોજના વહીવટદાર એસ.કે.રાઠોડ, પ્રાંત અધિકારી ગોધરા એન.બી.રાજપૂત, પ્રાંત અધિકારી શહેરા જયકુમાર બારોટ સહિતના જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા ખાતે સાહિત્યકાર રઘુવીર ચૌધરીને લાઈફ ટાઈમ એચીવમેંટ એવાર્ડ અપાશે

ગોધરા,

ગોધરા ખાતે તારીખ ૧ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન ગોધરા દ્વારા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વિવિધ સાહિત્ય પ્રકારોના શ્રેષ્ઠ ખેડાણ કરનાર વ્યક્તિઓને એવાર્ડ આપી સન્માન કરવાનો બીજો શ્રેષ્ઠ સાહિત્ય એવાર્ડ અર્પણ સમારોહ કાર્યક્રમ કલેકટર કચેરીની બાજુમાં નદી કિનારે આવેલ સદ ા બ ા વિઠ્ઠલભાઈ(પંચમહાલ જિલ્લા ફેડરેશન) હોલ ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને અને પંચમહાલ જિલ્લા કલેકટરશ્રી સુજલ માયાત્રાના મુખ્ય મહેમાનપદે યોજાશે. મીડિયા પાર્ટનર માતૃભારતી કોમ પહેલી ઓગસ્ટ સવારે ૧૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે વિલક્ષણ કામગીરી કરવા બદલ પ્રસિદ્ધ સાહિત્યકાર અને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ડો રઘુવીર ચૌધરીને લાઈફ ટાઈમ એચીવમેંટ એવાર્ડ આપવામાં આવશે. આ પ્રસંગે ફીલિંગ્સ મલ્ટીમિડિયા પ્રાઈવેટ લિમિટેડ બરોડાના સી.ઈ.ઓ. અતુલભાઈ શાહ, પ્રસિદ્ધ નાટ્યલેખક કવયિત્રી અને અભિનેત્રી યામીનીબેન વ્યાસ, બાળ કલાકાર કુ. દ્રષ્ટિ શાહ તથા કુમાર ફાઉન્ડેશનના અધ્યક્ષ વતી હેમાંગ ડણાક સહિત અનેક સાહિત્યકારો, કવિઓ સર્જકો, અધ્યાપકો, શિક્ષકો અને રસિકો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન સહિત સમસ્ત કાર્યક્રમનું આયોજન કુમાર આર્ટ્સ ફાઉન્ડેશન સંસ્થાના પ્રમુખ ડો. જે.એન. શાસ્ત્રી દ્વારા થશે.

ગોધરાની સરકારી કચેરીઓને ફળવાયેલ અને ધુળ ખાતા વાહનો પ્રત્યે તંત્રની ઉદાસીનતા

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવેલ વિવિધ સરકારી વિભાગોની કચેરીઓમાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલ સરકારી વાહનો અલગ અલગ ટેક્નિકલ કારણોસર ઉપયોગમાં ન લેવાય તેવા વાહનો કન્ડમ કરી દેવામાં આવ્યા છે. જે વાહનો છેલ્લા કેટલાય વર્ષોથી ધૂળ ખાઈ રહ્યા છે, સંબધિત વિભાગો દ્વારા આ પ્રકારના વાહનો પ્રત્યે રાખવામાં આવતી ઉદાસીનતાને લઈને સરકારી તિજોરીને મોટું આર્થિક નુકસાન પહોંચી રહ્યું છે.

સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લામાં આવેલ સરકારી કચેરીઓના અધિકારીઓ તેમજ જરૂરી સરકારી કામગીરીઓ માટે કરોડોનો ખર્ચ કરીને વાહનો ફાળવવામાં આવે છે. પંચમહાલ જિલ્લામાં પણ આ પ્રકારે જિલ્લા કક્ષાએ આવેલી વિવિધ વિભાગોની કચેરીઓમાં સરકારી વાહનો ફાળવવામાં આવ્યા હતા. જે વાહનો અલગ અલગ ટેક્નિકલ કારણોસર ઉપયોગમાં ન લઈ શકાય તેવા હોય અથવા તો લકઝુરિયસ વાહનોના ઉપયોગની મહેચ્છા ધરાવતા કેટલાક સરકારી અધિકારીઓ જુના સરકારી વાહનો ચેનકેન પ્રકારે કન્ડમ કરીને નવા વાહનો મેળવવા માટે જુગાડ કરતા હોય છે. પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આવેલ જિલ્લા સેવાસદન ૧ અને ૨ માં પણ જુના – ઉપયોગ વિહોણા સરકારી વાહનો મોટી સંખ્યામાં ધૂળ ખાઈ રહ્યા છે. કેટલાક વાહનો ની હાલત એવી બની છે કે વાહનો ની અંદર ઝાડી ઝાંખળા ઉગી પડ્યા છે. સરકારના વિવિધ વિભાગોની કચેરીઓમાં સરકાર દ્વારા નવા વાહનો ફાળવવામાં આવ્યા બાદ જુના વાહનોના નિકાલ માટે અધિકારીઓ અને મિકેનિકલ વિભાગ દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. જેને લઈને સરકારી તિજોરીને મોટું આર્થિક નુકસાન પહોંચી રહ્યું છે. ગોધરા ખાતે જિલ્લા સેવાસદન કમ્પાઉન્ડમાં વર્ષ ૧૯૯૬માં ખરીદ કરેલા અને બાદમાં સમયાંતરે કન્ડમ કરેલા વાહનો આજે પણ ધૂળ ખાઈ રહ્યા છે. આ કમ્પાઉન્ડમાં આજે પણ ૧૫ ઉપરાંત જુના વાહનો ધૂળ ખાઈ રહ્યા છે. જુના સરકારી વાહનોનું નિયમ મુજબ વેલ્યુએશન કરી તેની જાહેર હરાજી કરવા માટેની કોઈ જ કાર્યવાહી કરવામાં આવી જ નથી. જુના વાહનોનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં ન આવતા જુના વાહનોની વેલ્યુ દિવસે દિવસે ઘટે છે. જેની સીધી અસર સરકારી તિજોરી પર પડતી હોય છે. ત્યારે જવાબદારો દ્વારા આ વાહનોનો જરૂરી કાર્યવાહી કરી નિકાલ કરવામાં આવે તે ખૂબ જરૂરી બન્યું છે.

અંબાલી છાત્રાલય સીઆરસીમાંની ડાભી ફળિયા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગોધરા,

ગોધરા તાલુકાના અંબાલી છાત્રાલય સી.આર.સી માંની ડાભી ફળિયા પ્રાથમિક શાળામાં શાળાના મુખ્ય શિક્ષક કમલેશભાઈ પટેલના આયોજન અને સી.આર.સી.કો–ઓર્ડીનેટર કૌશિકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાઈ ગયો. વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં કોવિડ–૧૯ ની ગાઈડલાઈનના સંપૂર્ણ પાલન સાથે ગામના માજી સરપંચ ડાભી ચતુરભાઈ એસએમસીના અધ્યક્ષ ડાભી ગજેન્દ્રસિંહ સહિત ગામના અગ્રણીઓ જોડાયા હતા અને સૌએ સાથે મળીને લીમડા આમલી ગુલમોહોર સાથે ઔષધીય વનસ્પતિઓનુ શાળા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સી.આર.સી કો–ઓર્ડીનેટર કૌશિકભાઈ પટેલે ગ્લોબલ વોર્મિંગ ની સમજ આપી સરકારના પ્રાથમિક શાળાઓમાં ઈકો અને યુથ ક્લબ હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા 'મારી શાળા શ્રેષ્ઠ શાળા' પ્રોજેક્ટ અને તેના માટે શાળાઓને સૂચિત કરેલ કામગીરીથી ઉપસ્થિત સૌને માહિતગાર કરી ગામના રસ્તા ખેતરના શેઢા વગેરે જગ્યાઓએ પણ મોટી માત્રા વૃક્ષો વાવી તેનો ઉછેર કરવા સૌને અનુરોધ કર્યો હતો.

હવેથી લગ્ન પ્રસંગમાં ૪૦૦ લોકો નહિ ૧૫૦ લોકોને જ જોડાઈ શકશે

રાજયમાં તાજેતરમાં જ ૮ મહાનગરોમાં રાત્રિ કરફ્યુને લઈને મહત્વનો નિર્ણય લેવાયો હતો. જેમાં રાત્રિ કરફ્યુની સમય મર્યાદા ૩૧ જુલાઈથી ૧ કલાક ઘટાડવામાં આવી હતી. એટલે કે આ ૮ મહાનગરોમાં ૩૧ જુલાઈથી રાત્રિના ૧૧થી સવારના ૬ વાગ્યા સુધીનો કરફ્યુ રહેશે એવો નિર્ણય લેવાયો હતો.

આ સાથે જ રાજયમાં જાહેર સમારંભો તેમજ ખુલ્લી જગ્યામાં યોજવામાં આવતા પ્રસંગો જેવાં કે લગ્ન પ્રસંગ કે જેમાં ૨૦૦ વ્યક્તિઓની પહેલાં મર્યાદા હતી જેને ૩૧ જુલાઈથી વધારીને ૪૦૦ વ્યક્તિઓની કરવામાં આવી હતી. પરંતુ તાજેતરમાં જ ફરી રાજ્ય સરકાર દ્વારા તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

કોરોના ગાઈડલાઈન અંગે ગુજરાત સરકારે સ્પષ્ટતા કરી છે. રાજ્ય સરકારે નવું જાહેરનામું બહાર પાડ્યું છે જેમાં લગ્નને સામાજિક કાર્યક્રમમાં નહીં ગણવાનો ઉલ્લેખ કરાયો છે. આ સાથે જ લગ્ન પ્રસંગમાં માત્ર ૧૫૦ લોકોને જ મંજૂરી મળશે તેનો પણ ઉલ્લેખ કર્યો છે. સામાજિક કાર્યક્રમમાં મહત્તમ ૪૦૦ લોકોને મંજૂરી રહેશે અને મરણ પ્રસંગમાં ૪૦ લોકોને જ સરકારે મંજૂરી આપી છે.

રાજ્ય સરકારે અમદાવાદ સહિતના આઠેય મહાનગરોમાં રાત્રિ કરફ્યુ યથાવત રાખ્યો છે. જો કે, રાત્રિ કરફ્યૂમાં વધુ એક કલાકની છૂટ આપી છે. આ ઉપરાંત સાર્વજનિક ગણેશોત્સવ ઉજવવા પણ મંજૂરી આપી છે. સાથે સાથે જાહેર સમારંભ-લગ્ન સમારોહમાં ૧૫૦ લોકોને જ મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના કેસોમાં ખાસ્સો એવો ઘટાડો નોંધાયો છે.છેલ્લાં કેટલાંય દિવસોથી કોરોનાને કારણે એકેય વ્યક્તિનું ગુજરાતમાં મૃત્યુ થયુ નથી. આ સંજોગોમાં રાજ્ય સરકારે કોરોનાકાળથી લાદેલાં પ્રતિબંધો હળવા કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં કેટલાંક મહત્વની નિર્ણય લેવાયા હતાં.

સંભવિત ત્રીજી લહેરની આશંકાને પગલે રાજ્ય સરકાર વધુ કોઈ જોખમ ખેડવા તૈયાર નથી. આ જોતાં રાજ્ય સરકારે અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, જૂનાગઢ, ભાવનગરમાં રાત્રી કરફ્યૂ યથાવત રાખવા નક્કી કર્યુ છે. જો કે, રાત્રિ કરફ્યુમાં વધુ એક કલાકની રાહત આપવામાં આવી છે. હવે રાત્રી કરફ્યુનો સમય રાત્રીના ૧૧ કલાકથી સવાર ૬ વાગ્યા સુધીનો રહેશે.

હોટલ-રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. ઉલ્લેખનીય છેકે, હોટલ રેસ્ટોરન્ટ એસોસિએશને આજે જ મુખ્યમંત્રી રુપાણીને પત્ર લખીને કરફ્યૂમાં વધુ છૂટછાટ આપવા રજૂઆત કરી હતી. જાહેર સમારોહમાં અત્યાર સુધી ૨૦૦ લોકોને જ છૂટ આપવામાં આવી હતી પણ આજે સરકારે ૪૦૦ વ્યક્તિને મંજૂરી આપી છે. આ ઉપરાંત હોલમાં ય બેઠકની ૫૦ ટકા અથવા ૪૦૦ની મર્યાદામાં લોકો હાજર રહી શકે તેવી છૂટ આપી છે.

શહેરાના જાલમ બારીયાના મુવાડા ગામે પંચાયત જર્જરીત થતાં મંદિરમાં ચાલતો વહીવટી તંત્રની બેદરકારી

શહેરા,

શહેરાના જાલમ બારીઆના મુવાડા ગામની ગ્રામ પંચાયત જેનો વહિવટ પાછલા ચાર વર્ષથી ખોડીયાર માતાજી મંદિર ખાતે થઈ રહ્યો છે.ગ્રામ પંચાયત ઘર પાછલા આઠ વર્ષથી જર્જરિત હાલતમાં હોવાથી અનેક રજૂઆતો સરપંચ અને ગ્રામજનો દ્વારા કરવા છતાં સબંધિત તંત્રનુ પેટનુ પાણી પણ હલતું નથી.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના જાલમ બારીઆના મુવાડા ગામની ગ્રામ પંચાયત કચેરી આઠ વર્ષથી જર્જરિત હાલતમાં છે. જેના કારણે ગ્રામ પંચાયતનો વહીવટ ચાર વર્ષ કરતા વધુ સમયથી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ઉષાબેન દેવાભાઈ પટેલ ગામમાં આવેલ આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર ખાતે બેસીને કરી રહ્યા છે. મા ખોડીયાર ની સાક્ષીમાં તલાટી કમ મંત્રી ગ્રામજનોના હિત માટે પોતાની નૈતિક ફરજ બજાવતા હોય છે. જ્યારે બીજી તરફ ગામના અગ્રણી કાનાભાઈ બારીયા, સરપંચ મનિષાબેન સુરેશ બારીઆ સહિત ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયત ઘર નવીન બને તે માટે તાલુકા પંચાયત કચેરી થી લઈને સબંધિત તંત્રને અનેક વખત રજુઆત કરાઈ છે.

કેપ્ટન કૂલ ધોની ન્યુ લૂકમાં જોવા મળ્યો, આલિમ હકીમે તસવીરો શેર કરી